# સંઘીય ચૂંટણી સંબંધિત માર્ગદર્શિકા




C'est notre vote

મતદાન કરવા જરૂરી સત્તાવાર માહિતી અને આરોગ્ય તથા સલામતીનાં ગોઠવાયેલાં પગલાં માટે વેબસાઇટ **election.ca** જુઓ

**1-800-463-6868 / elections.ca / TTY 1-800-361-8935**

Elections Canada

EC 90332-GJR (02/2021)

# તમારું આરોગ્ય અને સલામતી અમારી પ્રાથમિકતા છે


**તમારા મતદાન મથકે ચૂંટણી કર્મચારીઓ માસ્ક પહેરેલા હશે.**
**ત્યાં આ પણ હશે :**



હેન્ડ સેનિટાઇઝર સ્થળો




શારીરિક અંતર રાખવાની સ્પષ્ટ નિશાનીઓ




પ્રત્યેક ડેસ્ક દીઠ પ્લેક્સિગ્લાસના અંતરાય પાછળ ફક્ત એક જ ચૂંટણી કર્મચારી


**જ્યારે તમે મત આપવા જાવ ત્યારે, આ ભૂલશો નહીં:**



માસ્ક પહેરવાનું



તમારો મત ચિન્હિત કરવા અમે તમને એકવાર વપરાય એવી પેન્સિલ આપીશું, અથવા તમે તમારી પોતાની પેન કે પેન્સિલ લાવી શકો છો





મતદાતાઓ અને ચૂંટણી કર્મચારીઓથી ઓછામાં ઓછા બે મીટર દૂર રહી શારીરિક અંતર જાળવો

જો તમારો **COVID-19**નો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોય અથવા તમને **COVID-19**નાં તબીબી લક્ષણો હોય અથવા તમે એવી કોઇ વ્યક્તિના સંપર્કમાં રહ્યા હોવ જેમને એ વાયરસ હોય, તો ટપાલ દ્વારા મત આપવાની વિનંતિ કરવા **elections.ca** જુઓ.

---

આ માહિતી પત્રિકા બહુવિધ ભાષાઓમાં વેબસાઇટ **elections.ca** પર ઉપલબ્ધ છે,.
બ્રેઇલમાં, મોટા અક્ષરોમાં અને ડેઇઝી (DAISY) જેવાં અન્ય સ્વરુપો માટે, અમને અહીં ફોન કરો **1-800-463-6868** અથવા **1-800-361-8935 (TTY)**.

# સુનિશ્ચિત કરો કે તમે મતદાતા માહિતી કાર્ડ મેળવવા નોંધાયેલા છો




**જો તમે નોંધણી કરાવી હોય તો,** ચૂંટણી જાહેર થયા પછી તમને મતદાતા માહિતી કાર્ડ ટપાલમાં મળી જવું જોઇએ. તેમાં જણાવ્યું હશે કે તમે ક્યાં અને ક્યારે મત આપી શકો છો. મતદાન પ્રક્રિયાને સરળ બનાવવા, સ્વીકૃત આઇડી સાથે એ કાર્ડ પણ લાવશો.

**જો તમને કાર્ડ ના મળે, અથવા જો કાર્ડ પરની માહિતી ખોટી હોય તો,** તમે નોંધાયેલા ના હો તેવું બની શકે અથવા તમારી મતદાતા માહિતી અદ્યતન ના હોય તેવું બની શકે. તમારી નોંધણી કરાવવા અથવા તમારું સરનામું અદ્યતન કરવા **elections.ca જોશો** અથવા સહાયતા માટે **1-800-463-6868** અથવા **1-800-361-8935 (TTY)** પર ફોન કરશો. તમારી મતદાતા માહિતીને, તમે જ્યારે મત આપવા જાવ ત્યારે પણ, નોંધાવી અથવા અદ્યતન કરાવી શકો છો.

## નોંધણી કરાવવા અને સંઘીય ચૂંટણીમાં મત આપવા માટે તમારે અચૂક:

- કેનેડિયન નાગરિક હોવું જ જોઇશે
- ચૂંટણીના દિવસે ઓછામાં ઓછા 18 વર્ષના હોવું જ જોઇશે
- તમારી ઓળખ અને સરનામું સાબિત કરવું જ જોઇશે

# મત આપવાની રીતો

**તમે ચૂંટણી સમયગાળા દરમિયાન લગભગ કોઇપણ સમયે મત આપી શકો છો.**
તમારા માટે મત આપવાનો શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો.

**1 ચૂંટણીના દિવસે**

તમને ફાળવેલું મતદાન મથક (પોલિંગ સ્ટેશન) 12 કલાક માટે ખુલ્લું રહેશે (સમય ઝોન પ્રમાણે બદલાય છે).

**2 આગોતરા મતદાનના દિવસોમાં (એડવાન્સ પોલિંગ)**

તમને ફાળવેલું પોલિંગ સ્ટેશન ચૂંટણીના દિવસ પહેલાંના અઠવાડિયાના શુક્રવારે, શનિવારે, રવિવારે અને સોમવારે સવારે 9:00 થી રાત્રે 9:00 સુધી ખુલ્લું રહેશે.

તમે ક્યાં અને ક્યારે મત આપી શકો છો એ જાણવા તમારું **મતદાતા માહિતી કાર્ડ** ચકાસો.

**3 ટપાલ દ્વારા**

ચૂંટણીના દિવસ પહેલાંના મંગળવારે સાંજે 6:00 સુધીમાં અરજી કરો. તમે ખાસ મતદાન પ્રક્રિયાનો ઉપયોગ કરીને મત આપશો. એ સુનિશ્ચિત કરશો કે તમારું ચિન્હિત કરેલું મતપત્ર **ચૂંટણીના દિવસ સુધીમાં** અમને મળી જાય, નહીં તો એ ગણત્રીમાં લઈ શકાતું નથી. અંતિમ તારીખ વિશે વધુ માહિતી અને ટપાલ દ્વારા મતદાન એ તમારા માટે સાચી પસંદગી છે કે કેમ એ જોવા માટે **elections.ca** જુઓ.

**4 સમગ્ર કેનેડામાં ઇલેક્શન્સ કેનેડાની કોઇપણ ઓફિસમાં**

ચૂંટણીના દિવસ પહેલાંના મંગળવાર સાંજે 6:00 સુધીમાં ઇલેક્શન્સ કેનેડાની ઓફિસે જાવ. તમે ખાસ મતદાન પ્રક્રિયાનો ઉપયોગ કરીને મત આપશો. ચૂંટણી જાહેર થયા પછી, વેબસાઇટ **elections.ca** જુઓ અથવા **ઇલેક્શન્સ કેનેડાની** તમારાથી સૌથી નજીકની ઓફિસ શોધવા અમને ફોન કરો.

એકવાર તમે ટપાલ દ્વારા અથવા ઇલેક્શન્સ કેનેડાની ઓફિસે મત આપવાની અરજી કરી હશે, તો આ ચૂંટણીમાં તમે **ફક્ત** એ જ રીતે મત આપી શકશો.

# મત આપવા માટે તમારું ઓળખપત્ર (આઇડી) તૈયાર રાખો

**તમારી ઓળખ અને સરનામું સાબિત કરવાના તમારી પાસે ત્રણ વિકલ્પો હોય છે.**
મત આપવા માટે ચૂંટણીના દિવસે તમે અચૂક કેનેડિયન નાગરિક અને ઓછામાં ઓછા 18 વર્ષના હોવા જ જોઇએ.

વિકલ્પ **1**



### આઇડી માટે આમાંથી કોઇપણ એક દેખાડો

- તમારૂં ડ્રાઇવિંગ લાઇસન્સ
- તમારો ફોટો, નામ અને હાલના સરનામા સાથેનું કેનેડિયન સરકારે (સંઘીય, પ્રાંતીય/પ્રાદેશિક કે સ્થાનિક સરકારે) આપેલું બીજું કોઇ કાર્ડ

**અથવા**

વિકલ્પ **2**



+



### બે આઇડી દેખાડો

બંનેમાં તમારૂં નામ અને ઓછામાં ઓછા એકમાં તમારૂં હાલનું સરનામું અચૂક હોવું જ જોઇએ.

ઉદાહરણો:

- મતદાતા માહિતી કાર્ડ અને બેંક સ્ટેટમેન્ટ
- યુટિલિટી બિલ અને વિદ્યાર્થી આઇડી કાર્ડ


**આ નથી? કોઇ સમસ્યા નથી!**
અન્ય સ્વીકાર્ય આઇડી પણ છે. સંપૂર્ણ યાદી આ વેબસાઇટ પર તપાસો, **elections.ca**

**અથવા**

વિકલ્પ **3**



+



### જો તમારી પાસે આઇડી ના હોય **તો**

તમે હજુ પણ મત આપી શકો છો જો તમે તમારી ઓળખ અને સરનામું લેખિતમાં જાહેર કરો અને તમને ઓળખતી કોઇ વ્યક્તિ હોય જેમને પણ તમારૂં મતદાન મથક ફાળવવામાં આવ્યું હોય અને જે તમારા માટે ખાત્રી આપવા તૈયાર હોય

ખાત્રી આપનારે પોતાની ઓળખ અને સરનામું સાબિત કરવું જોઇશે. એક જણ ફક્ત એક વ્યક્તિ માટે જ ખાત્રી આપી શકે છે (લૉંગ ટર્મ સુવિધાઓમાં હોય તે સિવાય).

# મતદાન સહાયતા સાધનો અને સેવાઓ

**તમામ મતદારોને ચૂંટણીના દિવસ માટે અને આગોતરા મતદાનના દિવસો માટે મતદાન મથક ફાળવી દેવામાં આવે છે.** ચૂંટણી જાહેર થાય ત્યાર પછી, તમને ફાળવેલા મતદાન મથકે પહોંચી શકવાની તમારી જરૂરિયાતો સંતોષાય છે એ સુનિશ્ચિત કરો.

એ કેટલું પહોંચી શકાય એવું છે તે જાણવા:

- તમારું મતદાતા માહિતી કાર્ડ તપાસો
- વેબસાઇટ **elections.ca** પર જાવ અને વોટર ઇન્ફોર્મેશન સર્વિસ બોક્સ (Voter Information Service box) માં તમારો પોસ્ટલ કોડ દાખલ કરો, અથવા
- અમને **1-800-463-6868** પર ફોન કરો અથવા **1-800-361-8935 (TTY)**

જો તમારા ફાળવેલા મતદાન મથકે પહોંચી શકવા વિશે તમને ચિંતાઓ હોય તો, અમને **1-800-463-6868** અથવા **1-800-361-8935 (TTY)** પર ફોન કરો.

મત આપવા માટે ભાષા અને સાંકેતિક ભાષા અર્થઘટન (સાઇન લેંગ્વેજ ઇન્ટરપ્રિટેશન) સહિત, અગાઉથી સહાયતા માગવા, ચૂંટણીના દિવસ પહેલાંના મંગળવાર અગાઉ તમારા વિસ્તારની ઇલેક્શન્સ કેનેડા ઓફિસને સાંજે 6:00 સુધીમાં, ફોન કરો.

---

## ચૂંટણીના દિવસે મતદાતા સહાયતા સાધનો અને સેવાઓ:

ઉમેદવારોના નામ સાથે **મોટા અક્ષરોમાં બહુ મોટું મતપત્ર**

ઉમેદવારોના **મોટા અક્ષરો અને બ્રેઇલ લિપિમાં યાદીઓ**

**ટેક્ટાઇલ અને બ્રેઇલ વોટિંગ ટેમ્પલેટ**

**બિલોરી કાચ (મેગ્નિફાયર્સ) (4x)**

**ભાષા અને સાંકેતિક ભાષાના દુભાષિયા** (અને અન્ય સહાયતા **અગાઉથી વિનંતિ કરવામાં હોય તો**)

**મતપત્રને ચિન્હિત કરવામાં સહાયતા**
(તમે જેમને ઓળખતા હો એવા કોઇને સાથે લાવો અથવા ચૂંટણી કર્મચારીને કહો)

**મોટી પકડવાળી પેન્સિલ**
(મર્યાદિત જથ્થો)
તમે તમારી પોતાની પેન કે પેન્સિલ પણ લાવી શકો છો

**હસ્તાક્ષર માર્ગદર્શિકા**

**નોંધ:** ઉમેદવારોની બ્રેઇલ લિપિની યાદીઓ ફક્ત ચૂંટણીના દિવસે જ ઉપલબ્ધ હોય છે. મોટા અક્ષરો આગોતરા મતદાનના દિવસોએ અને ચૂંટણીના દિવસે ઉપલબ્ધ હોય છે.